**શિક્ષિત બનો — સંગઠિત બનો — સંઘર્ષ કરો**

**દિલ્હી-ગાંધીનગરમાં, અમારી સરકાર**
**અમારા ગામમાં, અમે જ સરકાર**

ગુજરાત રાજ્યનું સૌ પ્રથમ સ્વશાસિત ગામ
ચંદાપુર
તા. ઉચ્છલ
જિ. સુરત

**આદિવાસી જાગે**
**સ્વશાસન લાવે**

## દિલ્હી-ગાંધીનગરમાં ભલે તમે, ગ્રામસભામાં અમે જ અમે.

આદિવાસી સંસ્કૃતિ અને પરંપરામાં રહેલા મૂલ્યોને બંધારણીય (કાયદાકીય) માનયતા આપતો કાયદો એટલે ગુજરાત પંચાયત સુધારા અધીનિયમ-૧૯૯૮. આ કાયદાને સામાન્ય રીતે ‘ભૂરીયા સમીતીનો કાયદો’, ‘સ્વશાસનનો કાયદો’ કે ‘ગ્રાસભાનો કાયદો’ તરીકે ઓળખવામાં આવે છે.

આ કાયદા પ્રમાણે ગામના સંચાલન અને વિકાસને લગતા બધા જ નિર્ણયો ગામના લોકો (મતદારો) ગ્રામસભામાં એકઠા થઈ, ચર્ચા વિચારણા કરી, સર્વસમતિ કે બહુમતિથી નકકી કરે છે. આમ, આ કાયદા પ્રમાણે ગામમાં ગ્રામસભાને સર્વોપરી ગણી સપૂર્ણ સત્તા આપવામાં આવી છે.

ટૂંકમાં કહીએ તો આદિવાસી સમાજની સંસ્કૃતિ, રૂઢિ તેમજ પરંપરામાં આવતી બધી બાબતોને ગ્રામસભાના ઠરાવો સ્વરૂપે કાયદાની માન્યતા મળેલ છે. આ કાયદો ગુજરાતના અનુસૂચિત વિસ્તારો એટલે કે જે તાલુકામાં આદિવાસી સમાજની વસ્તી ૫૦ ટકા કરતા વધારે હોય તે સમગ્ર તાલુકામાં તથા તેના બધા ગામોમાં લાગુ પડે છે.આ કાયદામાં ગામ વિકાસ અને સંચાલનના નિર્ણયો ગામના લોકો જ કરે, ગામની વિવિધ બાબતો ઉપર ગ્રામસભા ચર્ચા-વિચારણા કરી સામુહિક નિર્ણય કરે તે વાત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

ગ્રામસભામાં ગામના વિકાસને લગતા બધા જ નિર્ણયો કરવાની સત્તા માત્ર આપણી છે માટે તે સત્તાનો ઉપયોગ કરીએ અને ગામની સાથે સાથે આપણો વિકાસ કરીએ.

તો ચાલો, આપણે સૌ સાથે મળી સારી સર્વગ્રાહી અને લોકકેન્દ્રિત ગ્રામસભાની સ્થાપના કરીએ અને આપણા પ્રશ્નોનાં ઉકેલ લાવીએ. ગરીબી, અત્યાચાર, ભષ્ટાચાર અને શોષણનો અંત લાવીએ.

**જ્યાં સુધી ગ્રામસભા કોઈપણ ઠરાવ મંજૂર કરે નહીં ત્યાં સુધી પંચાયત તેને અમલમાં લાવી શકે નહીં.**

### ભૂરીયા સમિતી દ્વારા મળેલા આર્થિક અધિકારો

● શું તમે ગામના વિકાસ માટે સરકારી સહાય અને યોજના સિવાય બીજી નાંણાકીય વ્યવસ્થા ઉભી કરવા માગો છો? ● શું તમે આર્થિક શોષણમાંથી મુકત થવા માગો છો? ● શું તમે શોષણમુકત સમાજની રચના ઈચ્છો છો? ● શું તમે સાહુકારોના ત્રાસથી બચવા માગો છો? ● શું તમે જંગલ સાચવીને, જાળવીને ગામનો વિકાસ કરવા માગો છો? ● શું તમે વૈશ્વીકરણના દુષણોથી બચવા માગો છો?

આપણા આદિવાસી સમાજની વર્ષો જૂની સ્વશાસનવાળી જીવન પ્રણાલીને વેગ મળે તે હેતુથી આ કાયદાએ આપણી પરંપરાઓ સચવાય અને જળવાય તે ઉપરાંત વ્યકિતગત વિકાસથી લઈને સામૂહિક વિકાસની ગતી કરવા માટે આર્થિક અધિકારો પણ આપ્યા છે. ‘‘ગામનો વિકાસ ગામના લોકો દ્વારા’’, ‘‘આપણા ગામમાં આપણુ રાજ’’નુ સુત્ર ખરા અર્થમાં હવે આપણે ગુંજતું કરી શકીશું. વ્યકિતગત, સામૂહિક તેમજ ગામના વિકાસની પ્રક્રિયાને આગળ ધપાવવા ભૂરીયા સમિતીના કાયદા દ્વારા મળેલા આર્થિક અધિકારો ગ્રામસભા દ્વારા કેવી રીતે મેળવાય તે આપણે જોઈએ.

૧. સામૂહીક સાધનો ઉપર ગ્રામસભાનો અધિકાર.
૨. ગૌચરની જમીનો, ગામના હદમાં આવતા જંગલોમાંથી મળતી ગૌણવન પેદાશ, ગામની અંદર આવેલી નદીની રેતી તેમજ પથ્થરની લીજના નાંણા, ગામની અંદરથી મળી આવતી ખનીજ સંપતિ જેવા તમામ સામૂહિક સંશાધનો ઉપર ગ્રામસભા નાણા મેળવીને ગામના વિકાસ માટે ગામની પંચાયતમાં જમા કરાવશે.
૩. ગામની અંદર ગરીબી રેખા હેઠળ જીવતા કુંટુબોને ઓળખવા અને તેમની યાદી બનાવવાનો અધિકાર (બી.પી.એલની યાદી તેમજ સરકારી યોજનાઓના લાભાર્થીઓ નકકી કરવા) ગ્રામસભાને જ છે. તેથી હવે પછી ગામની અંદર વસતા ગરીબ લોકો પોતાનો આર્થિક વિકાસ ગ્રામસભા દ્વારા કરી શકશે.
૪. આપણા આદિવાસી સમાજની પરંપરામાં રહેલી તકરાર નિવારણની (ન્યાયપંચ)ની પદ્ધતિ દ્વારા ગામના ઝઘડાનો ગામમાં નીકાલ થશે. ગામનું ન્યાયપંચ કસુરવારોને દંડ કરશે. તે દંડના નાણા ગામપંચાયતમાં જમાં થશે. ઉપરાંત ગામના ઝઘડાનો ગામમાં નિકાલ થવાથી કોર્ટની અને વકીલોની ફીના બિનજરૂરી ખર્ચામાંથી બચી શકાશે.
૫. ગામમાં ભરાતા હટવાડા કે બજાર ઉપર ગ્રામસભા કર વસૂલ કરશે અને તેના નાણા ગામપંચાયતમાં જમાં કરાવશે જેનાથી ગામના વિકાસના કામો થઈ શકશે.

### ભૂરીયા સમિતિ દ્વારા મળેલા રાજકીય અધિકારો

૧ રાજયની અનુસૂચિ-૫માં આવેલી તમામ ગામ પંચાયતોમાં સરપંચના હોદ્દા આદિવાસીઓ માટે રાજય સરકારે અનામત રાખવા જોઈએ.
૨ રાજયની અનુસૂચિ-૫માં આવેલી તમામ તાલુકા પંચાયતનાં પ્રમુખના હોદ્દા આદિવાસીઓ માટે રાજય સરકારે અનામત રાખવા જોઈએ.
૩ રાજયની અનુસૂચિ-૫માં આવેલી તમામ જિલ્લા પંચાયતના પ્રમુખના હોદ્દા આદિવાસીઓ માટે રાજય સરકારે અનામત રાખવા જોઈએ.
૪ રાજયની અનુસૂચિ-૫માં આવેલી તમામ ગામ પંચાયતોમાં સભ્યોના હોદ્દા આદિવાસીઓ માટે રાજય સરકારે એવી રીતે અનામત રાખવા કે જેથી તેની સંખ્યા ૫૦ ટકા કરતાં ઓછી ન થાય.
૫ રાજયની અનુસૂચિ-૫માં આવેલી તમામ તાલુકા પંચાયતનાં સભ્યોના હોદ્દા આદિવાસીઓ માટે રાજય સરકારે એવી રીતે અનામત રાખવા કે જેથી તેની સંખ્યા ૫૦ ટકા કરતાં ઓછી ન થાય.
૬ રાજયની અનુસૂચિ-૫માં આવેલી તમામ જિલ્લા પંચાયતના સભ્યોના હોદ્દા આદિવાસીઓ માટે રાજય સરકારે એવી રીતે અનામત રાખવા કે જેથી તેની સંખ્યા ૫૦ ટકા કરતાં ઓછી ન થાય.

### ભૂરીયા સમિતિ દ્વારા મળેલા સામાજિક-સાંસ્કૃતિક અધિકારો

આદિવાસીઓની પરંપરામાં રહેલી સામૂહિકતાની ભાવનાને ધ્યાનમાં રાખી બનેલા ભૂરિયા સમિતીના કાયદા દ્વારા મળેલા આપણા સામાજીક અને સાંસ્કૃતિક અધિકારોને કાયદાકીય માન્યતા મળી ગઈ છે. હવે આપણી મૂલ્યો આધારીત પરંપરા ગ્રામસભાના માધ્યમથી જાળવી શકાશે તેમજ વિકસાવી શકાશે. આપણા આદિવાસી સમાજની વર્ષો જૂની સ્વશાસનવાળી જીવન વ્યવસ્થાને બંધારણીય અધિકારોના રૂપે જોઈ અને સમજી શકાશે.

૧ આપણા ગામમાં આપણી રીતે લગ્ન તેમજ છૂટાછેડાના નીતી નિયમો બનાવી શકીશું.
૨ બે ભાઈઓ કે બે બહેનો વચ્ચે મિલ્કતમાં ભાગ વહેંચવાની કાર્યવાહી ગામમાં જ કરી શકીશું.
૩ આપણા તહેવારો અને દેવપુજામાં થઈ રહેલા પરિવર્તનને ગ્રામસભામાં ચર્ચા કરી તારણ કાઢી શકીશું.
૪ દેવપુજા કે થડુપુજન વખતે નશાકારક ચીજવસ્તુઓનો વપરાશ બંધ કરવો, ચાલુ રાખવો કે તેમાં શુ બદલાવ લાવવો તે ગામમાં બેસીને નકકી કરી શકીશું.
૫ તહેવારોની ઉજવણીના નિતીનિયમો બનાવી કે બદલી શકીશું.
૬ આદીવાસી સમાજના સમાનતા, સહકારીતા અને સામૂહિકતાની ભાવના જેવા મૂલ્યો અને સાંસ્કૃતિક વારસાને ગ્રામસભાના ઠરાવ દ્વારા કાયદાકીય સ્વરૂપ આપી જાળવી શકીશું.

## ગ્રામસભાની હાલની પરિસ્થિતિ

ગ્રામસભાની તારીખ, સમય, સ્થળ અને એજન્ડા ઉપરથી (ગાંધીનગરથી) જ નક્કી થઈને આવે છે. ● બી.પી.એલ. યાદી તલાટી, ગ્રામસેવક, સરપંચ દ્વારા કે ઉપરથી (ગાંધીનગરથી) ફાઈનલ થાય છે. ● ગ્રામસભામાં ૨૫ થી ૩૦ લોકો હોય તો પણ ગ્રામસભા તો ભરાય જ. ● કોઈપણ યોજનાના લાભાર્થીઓ ઉપરથી (ગાંધીનગરથી) નક્કી થઈને આવે તેમાં કોઈનું કાંઈ ચાલે નહીં. ● આપણે બોલીએ કે ના બોલીએ, ઠરાવો ઉપર સહી કરીએ કે ના કરીએ, પંચાયતના કર્મચારીઓ તો તેમનું ધાર્યુ જ કરવાના છે. ● ગ્રામસભાની જાણ માત્ર ગામના આગેવાનોને જ હોય છે. તેઓ જ ગ્રામસભામાં ભાગ લઈ શકે, તેમાં બોલી શકે તેમજ નિર્ણય લઈ શકે.

**પંચાયત દ્વારા મૂકવામાં આવેલ બજેટ ગ્રામસભા મંજૂર કરે પછી જ પંચાયત તે નાણાંનો ઉપયોગ કરી શકે.**

**ગ્રામસભા જ્યારે જ્યારે,**
**એક એક પૈસાનો હિસાબ ત્યારે ત્યારે.**

**પંચાયતનું બજેટ અને હિસાબો મંજુર કે નામંજુર કરવાની સત્તા ગ્રામસભાને છે.**

**સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના કર્મચારીઓ ઉપર નિયંત્રણની સત્તા ગ્રામસભાની છે.**

**ગ્રામસભામાં દરેક એજન્ડા ઉપર ચર્ચા પછી બહુમતી કે સર્વસંમતિથી તેને મંજૂર કે નામંજૂર કરવાની સત્તા ગ્રામસભાની છે.**

## ગ્રામસભા અસરકારક નથી. કોની ભૂલ ?

ગ્રામસભામાં જવાથી કોઈ ફાયદો થવાનો નથી માટે જવું નથી ● ગ્રામસભામાં આપણી વાત કે વિચાર મૂકતા નથી ● ગ્રામસભામાં બધા જ ઠરાવો ઉપર ચર્ચા ન થાય તો આપણુ શું બગડી જવાનું ? એમ માનીએ છીએ ● ગ્રામસભા પુરી થયા પછી ઠરાવની મંજૂરી કે નામંજૂરીમાં સહી કે અંગુઠો થવો જોઈએ પણ આપણે પહેલેથી જ મંજૂરીની ''મોહર'' મારી દઈએ છીએ. અરે ! ઘણી વાર તો ઘરે બેઠા, ગ્રામસભામાં ગયા વગર ઠરાવો ઉપર ''ઠપ્પો'' મારી દઈએ છીએ. ● ક્યારેય ગ્રામસભામાં ખર્ચના હિસાબો કે વિકાસના કામોની ગુણવત્તા અને ખરાઈ ચકાસતા નથી.

**સસ્તા અનાજની દુકાનમાં જો થશે ભ્રષ્ટાચાર,**
**ગ્રામસભામાં સહુ મળી કરશે તેને પડકાર.**

**મને કેમ ના સમજાય ?**

**એ.પી.એલ. ને બી.પી.એલ.ની આ ગરબડ કારણ,**
**ભ્રષ્ટાચાર કરે તલાટી, ગ્રામસેવક ને સરપંચ પણ,**
**હવે ગ્રામસભામાં સર્વસંમતિથી જ થશે એનો વહીવટ**
**કરીશું ભ્રષ્ટાચારીઓને દંડ,**
**સાથે મળી લાવીશું ગ્રામસ્વરાજ**



**બી.પી.એલ.માં**
**તું કે હું,**
**નક્કી કરીશું**
**આપણે સહું.**

**બી.પી.એલ.ની યાદી તથા યોજનાના લાભાર્થીઓ ફાઈનલ કરવાની સત્તા માત્ર ગ્રામસભાની છે.**

## ગ્રામસભાની કાયદાકીય જોગવાઈ

ગ્રામસભાની તારીખ, સમય, સ્થળ અને એજન્ડા સરપંચે ગામના લોકો સાથે ચર્ચા કરીને જ નક્કી કરવાના હોય છે. (અગત્યના નિર્ણયો તાત્કાલિક લેવાના હોય તો સરપંચ પોતે અથવા ગ્રામસભા સરપંચને જાણ કરીને ખાસ ગ્રામસભા બોલાવી શકે છે.) ● બી.પી.એલ. યાદી ફાયનલ કરવાની સત્તા માત્ર અને માત્ર ગ્રામસભાની છે. ખરેખર કોણ બી.પી.એલ. યાદીમાં હોવું જોઈએ અને કોણ નહી તે ગ્રામસભામાં ચર્ચા વિચાણા કરી સર્વાનુંમતિ કે બહુમતીથી નક્કી કરવાનું હોય છે. ● ગામના ઓછામાં ઓછા ૫૦ મતદારો હાજર હોય તો જ ગ્રામસભા કાયદેસર કહેવાય. ● કોઈપણ યોજનાના લાભાર્થીઓ માત્ર અને માત્ર ગ્રામસભામાં બહુમતી કે સર્વાનુંમતિથી નક્કી થવા જોઈએ. (જો આવી યોજનાના લાભાર્થીઓ નક્કી કરવામાં ભ્રષ્ટાચાર થઈ રહયો હોય તેમ લાગે તો ગ્રામજને તેનો વિરોધ કરીને તે ઠરાવ પર સહી ન કરવી જોઈએ.) ● ગ્રામસભામાં બહુમતી કે સર્વસંમતિથી ઠરાવ પાસ ના થાય ત્યાં સુધી પંચાયત તેનો અમલ કરી શકતી નથી. ગ્રામસભામાં મૂકાયેલા દરેક ઠરાવો ઉપર દરેક મતદારને સમાન રીતે તેની ચર્ચા કરવાનો, પોતાનો વિચાર પ્રગટ કરવાનો અને તેના નિર્ણયમાં ભાગીદાર થવાનો અધિકાર છે. ● ગ્રામસભાની તારીખ, સમય, સ્થળ અને એજન્ડાની જાહેરાત ૭ દિવસ અગાઉ ગામના ચોરા ઉપર લેખીતમાં મુકવાની જવાબદારી પંચાયતની હોય છે. જેમાં ગામના દરેક મતદારો (ભાઈઓ તથા બહેનો) સમાન રીતે ભાગ લઈ શકે છે, ચર્ચામાં સામેલ થઈ શકે છે અને નિર્ણયના ભાગીદાર થઈ શકે છે.

**ગ્રામસભામાં ચર્ચા થશે વિકાસની**
**સર્વસંમતિથી થશે સૌ કામો નક્કી**
**સમજી લેજો સૌ ગ્રામજનો અહીં**
**પછી જ થશે અંગુઠો કે સહી**

ફક્ત આંતરિક વિતરણ અને શૈક્ષણિક હેતુસર **વિકલ્પ અમદાવાદ**



# ભીમનો કાયદો, બિરસાનુ તીર



**સાથે મળીને બદલીએ તાસીર**



**દિલ્હી-ગાંધીનગરમાં**
**ધમાલ-ધમાલ**
**કરે સૌને પાયમાલ**

**ગ્રામસભામાં**
**કમાલ-કમાલ**
**કરે ગામને માલા-માલ**


**વિકલ્પ**

એ/૮, આનંદ ટેનામેન્ટ, વસ્ત્રાપુર
રેલ્વે સ્ટેશનની પાસે, વેજલપુર,
અમદાવાદ - ૩૮૦૦૫૧.
e-mail: vikalpahd@gmail.com
વિકલ્પ VIKALP website : www.vikalp.org